આગમગચ્છીય આ. જિનપ્રભસૂરિકૃત સર્વ–ચૈત્ય–પરિપાટી-સ્વાધ્યાય

સંપા. રમણીક મ. શાહ

પ્રાચીન ગૂર્જર ભાષામાં ઉપલબ્ધ ચૈત્ય-પરિપાટી રચનાઓમાં કદાચ આદ્ય રચના કહી શકાય તેવી આ કૃતિ અહીં પ્રથમ વાર પ્રકાશિત થાય છે.

મધ્યકાળમાં રચાયેલી આવી અનેક કૃતિઓની જેમ આમાં કવિનો હેતુ કોઈ એક તીર્થની જ પરિપાટી આપવાનો નથી, પણ અનેક પરંપરામાન્ય પૌરાણિક, અર્ધ-ઐતિહાસિક અને કેટલાંક ઐતિહાસિક તીર્થસ્થળોનું માહાત્મ્ય દર્શાવી, શ્રદ્ધાળુ શ્રાવકોના નિત્ય-સ્મરણ માટે 'સજ્ઝાય' (સ્વાધ્યાય) રચવાનો છે. કર્તાએ આપેલ નામ પણ તેમ જ સૂચવે છે.

આગમ–ગચ્છીય આચાર્ય જિનપ્રભસૂરિ વિરચિત આ ચૈત્ય–પરિપાટી પાટણના ખેતરવસહી જૈન જ્ઞાનભંડારની એક તાડપત્રીય પ્રત પરથી સંપાદિત કરેલ છે. એનો ક્રમાંક ૧૨ (નવો ૬) છે. અને તેમાં ૩૫ × ૫ સે. મી. કદનાં ૨૬૪ પત્રોમાં નાનીમોટી કુલ ૫૪ કૃતિઓ લખાયેલ મળે છે. પ્રસ્તુત કૃતિ પત્ર ૨૧૨/૧ થી ૨૧૪/૨ સુધીમાં આવેલ છે. પ્રતિ પ્રાયઃ શુદ્ધ છે. આ જ પ્રતિમાં કર્તાની અન્ય ત્રીસેક લઘુ રચનાઓ સંગ્રહાઈ છે. લિપિ પરથી પ્રતિ ચૌદમી સદીની શરૂઆતની હોવાનું અનુમાની શકાય છે.

આ. જિનપ્રભસૂરિની અન્ય ત્રણ કૃતિઓમાં રચના-વર્ષ મળે છે,[૧] યથા —

૧. મયણરેહા–સંધિ વિ. સં. ૧૨૯૭ (ઈ. સ. ૧૨૪૧)

૨. વયરસામિ–ચરિઉ વિ. સં. ૧૩૧૬ (ઈ. સ. ૧૨૬૦)

૩. નમયાસુંદરિ–સંધિ વિ. સં. ૧૩૨૮ (ઈ. સ. ૧૨૭૨)

આ પરથી તેમના કવનકાળનો અંદાજ સ્પષ્ટપણે આવી જાય છે. પ્રસ્તુત ચૈત્ય–પરિપાટી કર્તાની પ્રારંભિક રચના હોય તેમ તેની સરળ ભાષા અને તેમાં નિરૂપિત સામાન્ય વિષય પરથી માની શકાય.

આ. જિનપ્રભસૂરિ આગમિક–ગચ્છના દેવપ્રભસૂરિના શિષ્ય હતા અને તેમણે ઉત્તરકાલીન અપભ્રંશ કે પ્રાચીન ગૂર્જર ભાષામાં અનેક નાની નાની પદ્યકૃતિઓ રચી છે — આથી વધારે કોઈ વિગત તેમના વિશે મળતી નથી.

ચૈત્ય–પરિપાટીનો વિષય સામાન્યતયા જ્યાં જ્યાં જિનચૈત્ય હોય તે તે સ્થળના વર્ણન સાથે વંદન-વિધિ આપવાનો હોય છે. અહીં પણ એ જ રીતે કવિ પરંપરાગત અનેક શાશ્વત–અશાશ્વત ચૈત્યો ગણાવી તે બધાને વંદન કરી કૃતાર્થ થવાનો ઉપદેશ આપે છે.

પ્રથમ જિનધર્મનો અને જિનવરોનો જય વાંછી, દુર્લભ મનુષ્ય-જન્મ અને તેમાંય જિનધર્મ પ્રાપ્ત કરનાર ભવ્ય આત્માઓને ઉદ્દેશી, સર્વવિરતિ — સંપૂર્ણ મુનિધર્મ — ન પાળી શકાય તો દેશવિરતિ એટલે કે આંશિક ધર્મ — શ્રાવક ધર્મ — પાળવાનો, જિનપૂજા કરવાનો અને સુપાત્રે દાન કરવાનો બોધ આપે છે. (૧–૬)

બાદ ભવનપતિ, વ્યંતર–જ્યોતિષ, ઊર્ધ્વલોક, મેરુ પર્વત, ગજદંત, વર્ષધર, વૈતાઢ્ય, વક્ષસ્કાર,

---

૧. આમાંની પ્રથમ અને તૃતીય કૃતિના આદિ–અંત માટે જુઓ — 'અપભ્રંશ સંધિ કાવ્યો' — સંબોધિ, વર્ષ ૨,–અંક–૨, દ્વિતીય કૃતિ હજુ અપ્રકાશિત છે. આચાર્ય જિનપ્રભસૂરિ અને તેમની કૃતિઓનો સામાન્ય પરિચય ઉપરોક્ત લેખમાં આ સંપાદકે આપેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુરૂતર, માનુષોત્તર, કુંડલ, રુચક, તથા નંદીશ્વર એ આગમોક્ત સ્થળોએ રહેલા શાશ્વત જિનચૈત્યોની સંખ્યા આપી, ભાવપૂર્વક વંદન કરવા કહે છે. (૭ ૧૨)

પછી તિર્યક્લોકના અશાશ્વત–શાશ્વત જિનગૃહો તથા રથનૂપુર જેવા વિદ્યાધરનગર અને મહાવિદેહ ક્ષેત્રના ક્ષેમ (ક્ષેમા) આદિ પુરોના દેવગૃહો ગણાવે છે. (૧૩–૧૪)

ત્યાર બાદ ભરત અને ઐરાવત ક્ષેત્રોનાં તીર્થો, કે જ્યાં તીર્થંકરોનાં કલ્યાણક-સ્થળો આવેલાં છે અને જેમાં ભરત વગેરે રાજેશ્વરોએ તીર્થંકરોના વર્ણ-પ્રમાણ મુજબ કનકમય બિંબો રચાવ્યાં છે, એની નોંધ આપે છે:

અષ્ટાપદ, સમ્મેત (સમ્મેત શિખર), રૈવતગિરિ (ગિરનાર), અયોધ્યાપુરિ, ગજપુરિ (હસ્તિનાપુર), કંપિલ્લ (કામ્પિલ્ય), ધર્મચક્ર (તક્ષશિલા), શૌરીપુર, વારાણસી, સોપારક, ભૃગુકચ્છ, વિમલગિરિ (શત્રુંજય), વૈભારગિરિ (રાજગૃહી), તામ્રલિપ્તિ (તામલુક), ઉજ્જૈન, ચંપા, મિથિલા, કુંડગ્રામ (વીરજન્મસ્થાન), શ્રાવસ્તિ, મથુરા, અર્બુદ, સત્યપુર (સાંચોર), ખંભાત, મોઢેરા અને અણહિલવાડ. (૧૫–૧૯)

અંતે કવિ કહે છે કે આ અનેક શાશ્વત–અશાશ્વત ચૈત્યો, જેમાં ઋષભાદિકની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે — તેમને પ્રણામ કરનારનો દિવસ સફળ છે. વીશ વિહરમાન જિનોનાં પ્રત્યક્ષ દર્શન નિત્ય કરનારા પુણ્યશાળીઓ કૃતકૃત્ય છે. દ્વાદશાંગી રચનાર ગણધરો અને જિનવરોના પરિવાર પણ ધન્ય છે. ચોવીશમા તીર્થંકર વર્ધમાન તથા જેના પ્રભાવે જિનધર્મ નિર્વિઘ્ન છે તે ચતુર્વિધ સંઘ આનંદ પામો. દ્રવ્ય (બાહ્યોપચાર) કે ભાવ (અંતઃકરણ)થી જે આ ચૈત્યોની સ્તુતિ કરે છે તેનાં અનંત ભવોનાં દુઃખ નાશ પામે છે અને સઘળા ઉપસર્ગો દૂર થઈ તત્કાળ સ્વર્ગ અને અપવર્ગનાં સુખ મળે છે. (૨૦–૨૪)

અંતિમ કડીના ત્રીજા ચરણમાં કવિએ શ્લેષપૂર્વક પોતાનું નામ જિનપ્રભ (जिणपह) ગૂંથી લીધેલું જોઈ શકાય છે.

સરળ અને પ્રવાહી ઉત્તરકાલીન અપભ્રંશ ભાષાની આ પદ્યરચનાને પ્રાન્તે કવિએ કે પછી લિપિકારે કરેલ નોંધ સજ્ઝાય (સ્વાધ્યાય) નામ આપે છે, અને રાસરૂપે સમૂહમાં ગાઈ શકાય તેવી તથા બોલી (બોલ્લિકા) રૂપે શાંત એકાંતમાં ઉચ્ચરી શકાય તેવી છે એમ કહી તેની ગેયતા તરફ નિર્દેશ કરે છે.

પ્રથમ કડીનો છંદ પ્રસિદ્ધ આર્યા છંદ છે — પ્રથમાર્ધ ૩૦ માત્રા (૭ ચતુષ્કલ + –) અને દ્વિતીયાર્ધ ૨૭ માત્રા (૫ ચતુષ્કલ + ⏑ + ૧ ચતુષ્કલ + –), બાકીની બધી કડીઓ ૪ + ૪ + ૪ + – ⏑ કે ૬ + ૬ + – ⏑ એવી ગણ વ્યવસ્થા ધરાવતા, પંદર માત્રાના પ્રત્યેક ચરણવાળા ચોપાઈ છંદમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आगमगच्छीय जिनप्रभसूरि विरचित

सर्व–चैत्य–परिपाटि–स्वाध्याय

जयइ जयइ जिण-धम्मो विवेय-रम्मो पणासिय-कुहम्मो ।
उवसम-पुर-पायारो पयडिव-नाणाइ-आयारो ॥१॥
तं जयइ जगि सिरि-जिणवर-विंद,
जसु पय पणमइ सयल सुरिंद ।
परिवज्जिय-सावज्जारंभ,
नरयकूव-निवडंतहं खंभ ॥२॥
तं दुल्लहु लहिउ सु माणुस-जम्मु,
तह वि कह वि सिरि-जिणवर-धम्मु ।
तत्थ वि बोहि-बीउ पुण रम्मु,
जं निहणइ दुट्ठऽट्ठ वि कम्मु ॥३॥
तं मुत्तु कुमय-कुबोहु कुग्गाहु,
किं अणुसरहु न जिनवर-नाहु ।
तसु विणु जीवु सयावि अणाहु,
समय विसमय कसायह दाहु ॥४॥
ता भो भविय(या) भावउ भव-भावु,
(पुण) दुलहउ सामग्गी-सब्भावु ।
सव्व-विरइ जइ करण न जाइ,
देस-विरइ तो धामिउ ठाइ ॥५॥
जइ बाहिर-पावह परिहारु,
तोइ सारु संसारु असारु ।
पूअह जिणवरु भाविहिं भत्ति,
देयह दाणु सुपत्तहं सत्ति ॥६॥
तं मोह-चरड नीधाडिय धाडि,
तउ करहु चेइय-परिवाडि ।
भवणवई ठिय वंदह दक्ख,
सत्त-कोडि बाहत्तरि लक्ख ॥७॥
तं वितर-जोइस-माझि असंख,
उड्ढ-लोइ चउरासी लक्ख ।
सत्ताणउइ सहसा तह तत्थ,
तेवीसाहिय रयण पसत्थ ॥८॥
मेरुसु पंचासी जिण-गेह,
भवियहु पणमहु विहिय सिणेह ।
गयदंतेसु चेइय वीस,
पव्वय वासहरेसु तीस ॥९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सत्तरिसउ वेयड्ढ-नगेसु,
जहिं न लहइ नीपुन्न पवेसो ॥१०[1]
तं वक्खारेसु असीई जिणवर,
नाणाविह रयणेहिं मणोहर ।
नउइ य जिणहर कुरुतरु हुंति,
नरउत्तर-नगि चियारि न भंति ॥११॥
कुंडल-रुयगिसु चियारि चियारि,
नंदीसर-वरि वीस विचारि ।
एगारुत्तर पंचसयाइं,
भाविहिं वंदउ सव्वि वि ताइं ॥१२॥
अट्ठ कोडि छप्पन्न य लक्ख,
सत्ताणुइ सहसा इव पक्ख ।
पंचसयइं चउतीसइं अहिय,
सासय चेइय एत्तिय कहिय ॥१३॥
तिरिय-लोइ पुण संखाईय,
सव्वे वि य जिण-सासण-विहिय ।
जाणि असासय सासय गेह,
विहि-विहियाइं नीसंदेह ॥१४॥
रहनूपुर-नयराइय रम्म,
वेयड्ढे विज्जाहर-गम्म ।
महाविदेहे देवहराइं,
खेमाइसु नगराइसु जाइं ॥१५॥
तं भरहेरवए खित्ति जि तित्थ,
जम्माइय कल्लाण पसत्थ ।
भरह निवाइय कारियाइं,
वन्न-पमाणिहिं कणयमयाइं ॥१६॥
सिरि- अट्ठावयगिरि-सम्मेय-
रेवयगिरि-पमुहाइं अणेय ।
अवज्झाउरि गयपुरि कंपिल्लि,
धम्मचक्कि रयणमय महल्लि ॥१७॥
सोरियपुरि वाणारसि रम्मि,
सोपारइ भरुअच्छि पुरम्मि ।
विमलगिरी-वेभारगिरिम्मि,
तामलित्ति-उज्जेणी-रम्मि ॥१८॥

---

१. પ્રતમાં આ કડીના અંતે ૯ નો અંક છે અને અપૂર્ણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चंपा-महिलानगर पुरम्मि,
कुंडगामि जिण-जम्मण-रम्मि ।
सावत्थी-महुरापुरि जाइं
कणय रयण-मणि-मणोहराइं ॥१९॥
अब्बुअ-सिरि सच्चउर-वरम्मि,
थंभणपुर-मोढेरपुरम्मि ।
अणहिलवाडय-वर-नयरम्मि,
सोहइं सुंदर-देवहरम्मि ॥२०॥
तं असासय-सासय-चेइयाइं,
रिसहाइय-पडिम-पइट्ठियाइं ।
गामागर-पुर-नयरीईसु,
जे पणमइं तहँ सहलउ दीसु ॥२१॥
तं विहरइं संपइ वीस जिणिंद
लोआलोअ-पयास-दिणिंद ।
धन्न पुन्न जे पिच्छइ निच्चु,
ताण जम्मु जीविउ कयकिच्चु ॥२२॥
गणहर-सेणी सयल वि चंग,
जेहिं विरइय बारस अंग ।
सिरि-जिणवर-परिवारु वि धन्नु,
मोक्ख-मग्गु पडिपुन्नु पवन्नु ॥२३॥
तं नंदउ चउवीसमउ जिणिंदु,
वद्धमाण-पहु भुवणाणंदु ।
नंदउ चउविह-संघु अणग्घु,
जसु पहावि जिण-धम्मु अविग्घु ॥२४॥
दव्व-थउ भाव-थउ जि कुणंति,
ते अणंतु भव-दुहु निहणंति ।
सिरि-जिण-पहणिय-सयलुवसग्ग,
ते लहु लहिसइं सग्गऽपवग्ग ॥२५॥[1]

---

१. અંત:-इति सर्व-चैत्य-परिपाटि-स्वाध्यायो रासेन दीयते, बोल्लिका भण्यते समाधिना ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org